ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૫૭ ટકા

# આજે નાગપંચમીએ 'ખાજા' ઓનડીમાન્ડ

## રૂપિયા ૩૦૦ થી ૬૦૦ના ભાવે પ્રતિ કિલો ખાજા બજારમાં ઉપલબ્ધ છે

ગાંધીનગર, તા.૨૬

આજે શ્રાવણ વદ પાંચમના દિવસે નાગપાંચમની ઉજવણી કરવામાં આવશે. આ દિવસે ગોગા મહારાજની પૂજા અર્ચનાની સાથે સાથે કુલેર અને ખાજા ખાવાનું મહત્વ વધી જતું હોય છે. અને મીઠાઈ ફરસાણના વેપારીઓ દ્વારા પણ ખાજા તૈયાર કરવામાં આવ્યા છે. મોંમાં મુકે અને ઓગળી જાય એવા ખાજા ખાવાની મજા આવે છે. તીખા, મોળા, ગળ્યા ખાજા શહેરના વેપારીઓએ વેચાણ અર્થે મુકયા છે ત્યારે ઘીના ગળ્યા ખાજા રૂપિયા ૬૦૦ના ભાવે પ્રતિકિલો બજારમાં મળી રહ્યા છે અને તેલના ખાજા રૂપિયા ૩૦૦ના ભાવે પ્રતિ કિલો બજારમાં મળી રહ્યા છે. ગાંધીનગર શહેરના વેપારીઓએ બોળચોથના દિવસથી જ ખાજા વેચાણ અર્થે મુકયા છે. આ વર્ષે ભાવમાં ૭ થી ૧૦ ટકાનો વધારો થયો છે. તેલના ભાવમાં વધારો થવાના કારણે તેલમાંથી બનતી વાનગીઓના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે.

હથેળી જેવડા મોટા ખાજા મેંદાનો લોટ અને ઘી નાંખીને બનાવવામાં આવે છે. ગળ્યા ખાજામાં ઉપર દળેલી ખાંડનું પડ હોય છે અને ખૂબ જ ટેસ્ટી લાગે છે. તીખા ખાજામાં લાલ મરચા અને બીજા મસાલાની તીખાશ હોય છે. ભોજન સાથે અથવા તો નાસ્તામાં ચા સાથે બહુ સરસ લાગે છે, જેને તીખું કે ગળ્યું ન ભાવે અથવા ડાયાબિટીસ હોય તેઓ મોળા ખાજા ખાય છે. એના પર લીંબુ, મીઠું અને ચાટ મસાલો નાંખીને તેનો સ્વાદ માણવામાં આવે છે.

શ્રાવણ વદ પાંચમના દિવસે નાગની પૂજા કરવામાં આવે છે. મહિલાઓ ઘરના પાણીઆરામાં નાગની આકૃતિ કંકુથી દોરીને એના પર કંકુ, ચોખા અને બીજી સામગ્રીથી પૂજા કરે છે. પ્રસાદમાં બાજરીના લોટ, ઘી, ગોળની વાનગી જેને કુલેર કહેવામાં આવે છે એ હોય છે. બાજરીના લોટમાં ઘી અને ગોળનો ભુકો ઉમેરીને એને મસળી લઈને નાના નાના લાડવા વાળવામાં આવે છે અને નાગ દેવતાને ધરાવીને ઘરના અને બહારના સભ્યોને પ્રસાદ તરીકે આપવામાં આવે છે. ઘણી સ્ત્રીઓ માત્ર કુલેર ખાઈને નાગ પાંચમ કરતી હોય છે. પરિવારના સભ્યોની સુખાકારી માટે ઘરની સ્ત્રીઓ આ પ્રમાણે નાગ પાંચમનું વ્રત કરતી હોય છે.

શ્રાવણ મહિનાની શરૂઆતના દિવસમાં જ મીઠાઈ અને ફરસાણના દુકાનદારોને ત્યાં ખાજા વેચવામાં આવે છે ત્યારે શહેરના જાણીતા સ્વીટમાર્ટ રાધે સ્વીટસ અને વૃંદાવન સ્વીટસમાં વિવિધ પ્રકારના ખાજા વેચાણ અર્થે મુકવામાં આવ્યા છે જેમાં ૮ પ્રકારની વેરાયટીઓ છે. **શુધ્ધ ઘીના ગળ્યા ખાજા, તેલના ગળ્યા ખાજા, તેલના મસાલા ખાજા, મરી-જીરાવાળા ખાજા, ઘીના મોળા ખાજા, તેલના મોળા ખાજા, તીખા ખાજા, ખારા-નમકીન ખાજા.**

ખાજા હેમ્પર પેક જે દુકાનોમાં ૨૫૦ થી ૧૦૦૦ રૂપિયાના ભાવે મળે છે જેમાં ખાજાની દરેક વેરાયટીસ મુકવામાં આવે છે.

રાધે સ્વીટમાર્ટના વિપુલભાઈ સુખડીયા સાથે ગાંધીનગર સમાચારની વાતચીત દરમિયાન જાણવા મળ્યું હતું કે ગયા વર્ષ કરતા આ વર્ષે ખાજાના ભાવમાં ૭ થી ૧૦ ટકાનો ભાવવધારો થયો છે તેથી ૩૦૦ થી ૬૦૦ના ભાવમાં ખાજા મળી રહ્યા છે. પરંતુ ગ્રાહકોમાં ખાજાની ખરીદીનો દોર યથાવત જ છે.

વૃંદાવન સ્વીટસ એન્ડ ફરસાણના ધ્રુવીલભાઈ સુખડીયાએ જણાવ્યું હતું કે તેમના ત્યાં ખાજાની વિવિધ વેરાયટીઓ મળે છે જેમાં નવીન ખાજા હેમ્પર પેક ટ્રેન્ડમાં છે. ગ્રાહકો ઉત્સાહપૂર્વક તહેવારોમાં મનપસંદ વાનગીની ખરીદી કરી રહ્યા છે.






### જગન્નાથ પ્રભુને ખાજા અતિપ્રિય

**પુરીના જગન્નાથ પ્રભુની આ અતિપ્રિય મિઠાઈ છે. કહેવાય છે કે પ્રભુ જગન્નાથ સ્વયં એક માણસના સ્વપ્નમાં આવ્યા અને ખાજા કેમ બનાવવા તે સમજાવ્યું. બીજા દિવસે તેણે આવા ખાજા તૈયાર કરીને પ્રભુને ધર્યા અને પ્રભુએ તે સ્વીકારી લીધા.**

## સે-૪ના બગીચામાં કાનૂની શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

જિલ્લા અદાલતના ઉપક્રમે ૨૭ ઓગસ્ટ શુક્રવારના રોજ સાંજે ૬ થી ૭ વાગ્યા દરમિયાન બગીચામાં કાનુની શિબિર યોજાશે. આ પ્રસંગે જયરામભાઈ સોની તથા દિનેશભાઈ દવે પીએલવી સંબોધન આપશે. જેમાં મીલકતનું બીલ, વારસાઈ, જીવનદાન, અંગદાન વિશે માહિતી આપવામાં આવશે. તેથી આ શિબિરમાં નગરજનોને લાભ લેવા આમંત્રણ આપ્યું છે.

## વોર્ડ નં.૪માં ભાજપ દ્વારા સાફસફાઈ અભિયાન

ગાંધીનગર, તા.૨૬

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગરનું સંગઠન પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની પ્રેરણા તેમજ મહાનગર ભાજપાના અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટના માર્ગદર્શન હેઠળ જનતાના પ્રશ્નોને વાચા આપી યોગ્ય સ્થાને તેની રજુઆત કરી, બનતા તમામ પ્રયાસો કરી પ્રશ્નના સમાધાન માટે હંમેશા કાર્યશીલ છે તેનું ઉત્તમ ઉદાહરણ વોર્ડ નં. ૪ ભાજપા સંગઠને પૂરું પાડ્યું છે. ચોમાસાની ઋતુમાં આગામી સમયમાં ગંદકીજન્ય રોગચાળો ન ફેલાય તે આશય સાથે મહાનગર ભાજપના વોર્ડ નં. ૪ ના પ્રભારીશ્રી જયેશ બ્રહ્મભટ્ટ (શહેર કોષાધ્યક્ષ), અશોકજી મકવાણા (શહેર ઉપપ્રમુખ), વોર્ડ ૪ના પ્રમુખશ્રી અશ્વિનસિંહ બિહોલા તેમજ ભાજપના ચારેય ઉમેદવારો, લઘુમતી મોરચાના અગ્રણીશ્રીઓએ સક્રિયતા દાખવીને તુરંત ગાંધીનગર મહાનગરપાલિકાના વહીવટી તંત્ર સાથે સંપર્ક સાધતા મનપા દ્વારા સેક્ટર-૨૯ના અમન પાર્ક વિસ્તારમાં સાફ સફાઈનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. ભારે વરસાદના આગમન પહેલા વિસ્તારમાં સફાઈ કાર્ય થયેલું જોઈને સ્થાનિક રહીશોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

આ ઉપરાંત સેક્ટર-૨૯ના સરકારી દવાખાના પાછળના વિસ્તારમાં રહેતા નાગરિકોને પાઈપ દ્વારા પાણીના સપ્લાય મુદ્દે મુશ્કેલી પડી રહી હતી તેનું નિવારણ કરવા વોર્ડ નં. ૪ ભાજપ સંગઠન અને ભાજપના ઉમેદવારશ્રીઓના પાટનગર યોજના ભવનના સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે સતત સંકલન અને પરામર્શના પરિણામસ્વરૂપ તંત્ર દ્વારા વિસ્તારમાં પાણીની નવી પાઈપલાઈન નાખવાનું કાર્ય આરંભી દેવામાં આવ્યું હતું, જેને સ્થાનિકોએ હર્ષ સાથે વધાવી લીધું હતું. જનતાની સમસ્યાનું નિવારણ લાવવા બદલ સ્થાનિકોએ તેમજ ભાજપ સંગઠને તંત્રનો સહૃદય આભાર વ્યક્ત કર્યો હતો.



## મનપાના નવા વિસ્તારોમાં ડસ્ટબીન બાબતે 'આપ'નું આવેદન



ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં મહાનગરપાલિકા દ્વારા જે ભીનો અને સૂકો કચરો અલગ અલગ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તેના વિરોધમાં આમ આદમી પાર્ટીના વોર્ડ નંબર-૯ના ઉમેદવારોએ તથા ટીમ દ્વારા ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી તેમજ આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં આ પાર્ટી દ્વારા ગાંધીનગર મનપાના વોર્ડ નં.૯ના નવા સિમાંકનમાં જોડાયેલા નવા વિસ્તારો જેવા કે કુડાસણ, ભાઈજીપુરા ગામ અને સોસાયટી વિસ્તાર વગેરેમાં અનેક જગ્યાએ કચરો એકત્ર કરવાની ડસ્ટબીન આપવામાં આવી નથી તેમજ છેલ્લાં કેટલાંક દિવસથી કચરો અલગ અલગ ન હોય તો લેવાનું બંધ કરી દેવાયું છે જેના કારણે નાગરિકો ત્રસ્ત થઈ ચુક્યાં છે. નાયબ કમિશનરને આ બાબતે રજુઆત કરીને જો આ નિર્ણય પાછો ખેંચવામાં નહીં આવે તો આંદોલન પણ કરીશું તેવી ચીમકી આપવામાં આવી હતી. આ પ્રસંગે મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનરે યોગ્ય જવાબ આપ્યાં નહોતા તેવો આક્ષેપ આપના ઉમેદવાર દ્વારા કરવામાં આવ્યો છે.

## સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ઓનલાઈન સોલો નૃત્ય સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

નગરમાં ૫૨માં સાર્વજનિક ગણેશોત્સવના ભાગ રૂપે ઓનલાઈન સોલો નૃત્ય સ્પર્ધાનું આયોજન કર્યું છે. જે ત્રણ વિભાગોમાં ઓનલાઈન યોજાશે. ૫ થી ૧૧ વર્ષના બાળકો માટે વિભાગ-અ, ૧૨ થી ૧૮ વર્ષના તરુણો માટે વિભાગ-બ, ૧૮ થી ૨૫ વર્ષના યુવાનો માટે વિભાગ-ક. આ અંગે સોલો ડાન્સની ત્રણ મિનિટની વિડીયો કલીપ મો. નંબર ૯૮૭૯૫૩૮૭૯૬ પર તા. ૮-૯-૨૧ને બુધવારના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા સુધીમાં મોકલવાની રહેશે. વિડિયો કલીપની સાથે સંસ્થા દ્વારા નિયત કરેલું અરજીપત્રક જે ઉપરોક્ત મોબાઈલ નંબરના વોટસએપ પરથી મળશે જે ભરીને મોકલવાનું રહેશે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સંસ્કૃત સપ્તાહ નિમિત્તે સંસ્કૃત શિક્ષકોનો પ્રશિક્ષણવર્ગ યોજાયો




ગાંધીનગર, તા.૨૬

સંસ્કૃત સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ તેમજ વિદ્યાનિકેતન વિભાગના સંયુક્ત ઉપક્રમે સંસ્કૃત પ્રશિક્ષણવર્ગનું આયોજન થયું હતું. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિવૃત્ત અધ્યાપક તેમજ સંસ્કૃત વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ચોટલિયાએ નિષ્ણાત તરીકેની સેવા આપી હતી. આ પ્રશિક્ષણવર્ગમાં ગુજરાતભરમાંથી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન પ્રકલ્પ સાથે જોડાયેલી શાળાઓના ૫૦થી વધુ શિક્ષકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમના આરંભે કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે યુનિવર્સિટીનાં દર્શન તેમજ કાર્યકલાપોની વિગતો આપી હતી. ત્યારબાદ School of Child, Youth and Family Developmentના ડાયરેક્ટર શ્રી રાકેશ પટેલે સંસ્કૃતના શિક્ષણની મહત્તા સમજાવી હતી અને વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ શ્રી કુણાલ પંચાલે વિદ્યાનિકેતન પ્રકલ્પની સર્વગ્રાહી સમજ આપી હતી.



ગાંધીનગરમાં આડેધડ વિકાસ કાર્યો થાય છે. એક વિકાસ કાર્ય થાય એટલે બીજાને કોરાણે મુકી દેવાય છે. ગાંધીનગરમાં ઘણા સ્થળોએ ફૂટપાથ બનાવવાની કામગીરી ચાલી રહી છે. પરંતુ આ કામગીરી દરમિયાન રોડ પર મુકવામાં આવેલાં બાંકડાઓ હજુ રોડ પર જ પડયા છે. જેના કારણે વાહનચાલકોને ખૂબ જ તકલીફ પડી રહી છે. રાહદારીઓ પણ ઘણી મુશ્કેલી અનુભવી રહ્યા છે.

## શંકરસિંહ વાઘેલા બાપુ કોલેજ દ્વારા 'મહિલા સશક્તિકરણ' પર વર્કશોપ યોજાયો





ગાંધીનગર, તા.૨૬

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ લો સાથે બાપુ કોલેજમાં મહિલા વિકાસ સેલના સભ્યો દ્વારા 'મહિલા સશક્તિકરણ' પર ૨૬ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. હિંડોળા બનાવવાની સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. જેમાં ૧૦ થી વધુ જૂથોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ડો.આશોલ શ્રોફ, ડો.નીપા વ્યાસ, ડો.પંકજ પંડ્યા હાજર રહ્યા હતા.બીજી કેવી કોલેજના ટ્રસ્ટી શ્રી ભરતસિંહ વાઘેલા અને ડાયરેકટર ડો.રવી કુમારે મહિલા વિકાસ સેલ અને સમગ્ર લો વિભાગને શુભેચ્છાઓ આપી હતી.

## ગાંધીનગરમાં નેશનલ લોક અદાલત ૧૧મી સપ્ટેમ્બરે

ગાંધીનગર, તા. ૨૬

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, દિલ્હી દ્વારા સમગ્ર દેશમાં ૧૧ સપ્ટેમ્બરના રોજ નેશનલ અદાલતનું આયોજન કરાયુ હતુ. તેના ભાગરૂપે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના આદેશ અનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, પ્રથમ માળ, ન્યાયમંદિર, સેક્ટર-૧૧ દ્વારા ૧૧મી સપ્ટેમ્બરના રોજ જિલ્લાકક્ષાએ તેમજ તાલુકા કક્ષાની તમામ અદાલતોમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરેલુ છે. જે પક્ષકારોને કોર્ટમાં પેન્ડીંગ કેસોનું સુખદ સમાધાન કરવા ઈચ્છતા હોય તેમણે તાલુકા કાનૂની સેવા સમિતિની કચેરીનો સંપર્ક કરવા જણાવ્યું છે.

# શહેરમાં ખાણી-પીણી બજારો ધમધમી ઉઠયા

## તહેવારોમાં હોટલો તથા ખાણી-પીણી બજારમાં ભરપૂર ઘરાકીના એંધાણ

ગાંધીનગર, તા.૨૬

કોરોનાની દહેશતે લોકોએ બહારનું જમવાનું બંધ કર્યું હતું. તો સરકારે પણ નિયંત્રણ મુકી દેતાં ખાવાના શોખીન લોકો ઘણા સમયથી અકળાઈ ઉઠયા હતા. હાલ કોરોનાને કોરાણે મુકી ખુલી ગયેલા ખાણી-પીણી બજારમાં લોકો જમવાની જયાફત ઉડાવવામાં મસ્ત બન્યા છે. જો કે કેટલોક વર્ગ હજુ પણ કોરોનાના કારણે બહાર જમવાનું ટાળી રહ્યો છે. શહેરમાં ઘણા લાંબા સમય પછી ખાણી-પીણી બજારમાં લોકોની હાજરીથી ભારે ચહલપહલ જોવા મળી છે જે કારણે વેપારીવર્ગને હાશકારો થયો છે.

સરકારી ગાઈડલાઈનમાં છુટછાટો મળતાં જ ખાણી-પીણી બજાર ખીલી ઉઠયું છે. વધુમાં આગામી તહેવારોમાં હોટલો તથા ખાણી-પીણી બજારમાં ભરપૂર ઘરાકી રહેવાના એંધાણ અત્યારની સ્થિતિ મુજબ લાગી રહ્યું છે. કોરોનાના કારણે હોટલ તથા ખાણી-પીણી વ્યવસાય બે વર્ષથી સુષુપ્ત અવસ્થામાં આવી ગયો હતો જેમાં બહારનું ખાવાના શોખીન લોકો પણ અકળાઈ ઉઠયા હતા. પરંતુ છુટછાટ બાદ લોકોના મળેલા જબરદસ્ત પ્રતિસાદથી આ વ્યવસાયને સંજીવની મળી ગઈ છે.



હાલમાં જ હોટલો તથા ખાણી-પીણી બજારમાં સમીસાંજથી જ લાંબુ વેઈટીંગ જોવા મળી રહ્યું છે. પંજાબી, કાઠીયાવાડી, સાઉથ ઈન્ડિયન ડીશના શોખીનો સપરિવાર હોટલમાં જમવા માટે તત્પર હોય છે. જો કે આ વ્યવસાય સાથે સંકળાયેલ વેઈટર તથા અન્ય, શ્રમજીવી લોકોને રોજગારી મળી રહેતા તેઓ પણ સંતુષ્ઠ બન્યા છે. શહેરમાં આવેલ સેકટર-૬, રીલાયન્સ સર્કલ, રક્ષાશકિત સર્કલ, સે-૨૧ તથા અન્ય સ્થળોના ખાણીપીણી બજાર લોકોની આવનજાવનથી આકર્ષક લાગી રહ્યા છે. કોરોનાની ગાઈડલાઈન સાથે આ વ્યવસાયકારો પોતાનો ધંધો કરી રહ્યા છે જેમાં સોશિયલ ડીસ્ટન્સ, માસ્ક, સેનેટાઈઝર વગેરેનો ઉપયોગ વધ્યો છે તો લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી સ્વચ્છતાને પણ મહત્વ આપી રહ્યા છે. એકંદરે ખાણી પીણી બજારોમાં ઉજાશ ફરી વળતાં કોરોનાની દહેશત ભુલાઈ ગઈ છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. નાયી જગદીશભાઈ બાબુલાલ** , ઉ.વ. ૬૧, સેકટર-૪
- **સ્વ. ઠાકોર દશરથજી બાબુજી**, ઉ.વ. ૪૩, શેરીસા
- **સ્વ. ચૌહાણ મિતેષ દલસુખભાઈ**, ઉ.વ. ૨૩, સેકટર-૧૩
- **સ્વ. વાઘેલા મનુભાઈ આદિતભાઈ**, ઉ.વ. ૫૮, સે-૨૮, છાપરાં
- **સ્વ. બગડા જયાબેન રાજેશભાઈ**, ઉ.વ. ૨૮, ધોળાકુવા
- **સ્વ. મકવાણા ગણેશભાઈ ખોડાભાઈ**, ઉ.વ. ૬૨, વાવોલ
- **સ્વ. સોલંકી પલ્વીબેન ધીરજભાઈ**, ઉ.વ. ૧૯, રાંધેજા
- **સ્વ. નાયર રાજીવભાઈ ગોપાલકિશનન**, ઉ.વ. સે-૨૫, જીઆઈડીસી

## જન્મદિને વધામણી



**ગણપતભાઈ કે જોષી**
**બ્યુરો ચીફ, બનાસકાંઠા**
**ગાંધીનગર સમાચાર**
**મો. ૯૩૭૫૦ ૭૬૦૬૧**



**ભગદિવ ભટ્ટ**
**મો. ૯૪૨૯૮ ૯૧૬૨૯**



**રક્ષિતાબેન ઉપાધ્યાય**
**લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર ફેમીના**
**મો.૯૯૨૪૨ ૪૪૯૯૮**



**સોહમ અમૃત ચૌધરી**



**ભરતભાઈ દલાભાઈ પરમાર**
**મો. ૭૦૪૧૫ ૩૧૮૨૭**



**પર્લ જિગર ત્રિવેદી**



**કિરપાલસિંહ જગતસિંહ વાઘેલા**



**મીત પટેલ**
**મો. ૬૩૫૮૮ ૨૯૦૯૯**



**મન મકવાણા**
**મો. ૯૯૭૮૮ ૯૫૩૪૪**